RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 51 Date: 12.12.2023 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# વર્ષોથી અડિંગો જમાવીને બેસેલાં 'મામા'ની રાજગાદી મોહન યાદવ છીનવી લીધી, મધ્ય પ્રદેશમાં શિવનું રાજ ખતમ



ભોપાલ,તા.૧૧

પ્રધાનમંત્રી મોદી અને તેમના ચાણક્ય કહેવાતા અમિત શાહે આ વખતે ગુજરાતની જેમ મધ્ય પ્રદેશમાં પણ મુખ્યમંત્રી તરીકે નવું નામ જાહેર કરીને સૌ ને ચોંકાવી દીધાં. શિવરાજ સિંહ ચૌહાણ સહિત જે નામો ચર્ચામાં હતા તેને કોરાણે મુકીને નવા ચેહરોને જ સોંપી દેવામાં આવી મધ્ય પ્રદેશની કમાન હવે મોહન યાદવના હાથમાં સોપવામાં આવી છે કહેવાય છે કે નરેન્દ્ર સિંહ તોમર મધ્ય પ્રદેશના વિધાનસભાના સ્પીકર બનશે. મુખ્ય મંત્રી મોહન યાદવને સાથ આપવા તેમની સાથે બે ડેપ્યુટી સીએમ. જગદીશ દેવડા અને રાજેન્દ્ર શુક્લા રાખવામાં આવશે આ બે વિશ્વાસુ ચહેરા બનશે

ભાજપના ધારાસભ્યોની બેઠકમાં ઓબીસી સમુદાયમાંથી આવતા મોહન યાદવના નામને મંજૂરી આપવામાં આવી હતી.યાદવ વર્ષ ૨૦૧૩માં તેઓ પ્રથમ વખત ઉજ્જૈન દક્ષિણ બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. ૨૦૧૮ની મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં, જનતાએ ફરી એકવાર તેમને ઉજ્જૈન દક્ષિણ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટ્યા. ૨ જુલાઈ, ૨૦૨૦ના રોજ, તેઓ શિવરાજ સિંહ ચૌહાણ સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા અને તેમને ઉચ્ચ શિક્ષણ મંત્રીનું કામ સોંપવામાં આવ્યું. તેમની છબી હિંદુ નેતા જેવી રહી છે અને મોહન યાદવ પણ આરએસએસના નજીકના માનવામાં આવે છે.

૨૫ માર્ચ ૧૯૬૫ના રોજ ઉજ્જૈનમાં જન્મેલા મોહન યાદવે બી એસસી,એલએલબી એમએમાં પોલિટિકલ સાયન્સ, એમબીએ અને પીએચડી કર્યું છે. મોહન યાદવ એબીવીપી સાથે સંકળાયેલા છે. ૧૯૮૨માં તેઓ માધવ સાયન્સ કોલેજના વિદ્યાર્થી સંઘના સહ-સચિવ હતા. આ પછી, તેઓ ૧૯૮૪ માં તેના પ્રમુખ બન્યા. ૧૯૮૪માં, તેઓ એબીવીપી ઉજ્જૈનના શહેર મંત્રી અને ૧૯૮૬ માં, વિભાગના વડા તરીકે ચૂંટાયા. વર્ષ ૧૯૮૮માં, તેઓ એમપી એબીવીપીના રાજ્ય સહ-સચિવ અને રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય બન્યા. ૧૯૮૯-૯૦માં તેઓ એબીવીપીના રાજ્ય એકમના રાજ્ય મંત્રી બન્યા અને ૧૯૯૧-૯૨માં તેઓ કાઉન્સિલના રાષ્ટ્રીય મંત્રી બન્યા.૧૯૯૩-૯૫ થી, તેઓ ઉજ્જૈન શહેરમાં આરએસએસના સહ-વિભાગના સચિવ બન્યા અને ૧૯૯૭ માં, તેઓ ભારતીય જનતા યુવા મોરચાની રાજ્ય કાર્યકારી સમિતિના સભ્ય હતા. ૧૯૯૮માં તેઓ પશ્ચિમ રેલવે બોર્ડની સલાહકાર સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

કોંગ્રેસનો આરોપ છેકે, મોહન યાદવે પોતાના અંગત સ્વાર્થ ખાતર ઉજ્જૈન મંદિરના માસ્ટર પ્લાનમાં ફેરફાર કર્યો છે. તેઓ શિવરાજ સરકારમાં મંત્રી હતા તે સમયે પોતાના પરિવારના લોકોને લાભ કરાવવા માસ્ટર પ્લાનનો દૂરઉપયોગ કર્યો હતો. જોકે, યાદવ આ આરોપોને નકારી ચુક્યા છે.

સૂત્રોની માનીએ તો મોહન યાદવે જેતે સમયે માતા સીતાને લઈને વિવાદિત નિવેદન આપ્યું હતું. ત્યારે તેઓ શિવરાજ સિંહની સરકારમાં શિક્ષણ મંત્રી હતાં. એ સમયે મોહન યાદવે કહ્યું હતુંકે, મર્યાદાને કારણે રામે સીતાને છોડવા પડ્યાં. તેમણે વનમાં બાળકોને જન્મ આપ્યો હતો. આજના દૌરમાં આ જીવન છુટાછેડા બાદના જીવન જેવું જ છે.

ભોપાલમાં ભાજપના કેન્દ્રીય કાર્યાલયમાં ધારાસભ્ય દળની બેઠક પહેલા ધારાસભ્યોએ ફોટો સેશન પણ કર્યું હતું. અહીં, રાજ્યના ત્રણ નિરીક્ષકો, હરિયાણાના સીએમ મનોહર લાલ ખટ્ટર, બીજેપી સાંસદ કે લક્ષ્મણ અને પાર્ટીના નેતા આશા લાકરા સાથે શિવરાજ સિંહ ચૌહાણ, વીડી શર્મા, નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ અને તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યો હાજર હતા

શિવરાજસિંહ ચૌહાણે પોતાનું રાજીનામું રાજ્યપાલ મંગુભાઈ પટેલને સોંપ્યુ છે. મોહન યાદવે રાજ્યપાલને મળી સરકાર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો

નેટવર્થની વાત કરીએ તો તેમની પાસે કરોડોની સંપત્તિ છે. તેમણે વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં આ વાતનો ખુલાસો કર્યો હતો.


રાજ્યના સૌથી અમીર નેતાઓમાં તેમની ગણતરી

મધ્યપ્રદેશના નવા સીએમ પાસે કુલ ૪૨ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જ્યારે તેમના પર દેણાની વાત કરીએ તો તે લગભગ ૯ કરોડ રૂપિયા છે. એમપીના નવા મુખ્યમંત્રી મોહન યાદવની ગણના રાજ્યના અમીર નેતાઓમાં થાય છે, આ પહેલા મધ્યપ્રદેશમાં ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી માટે સૌથી વધુ સંપત્તિ જાહેર કરનારા એમપીના ટોપ-૩ મંત્રીઓમાં ભૂપેન્દ્ર સિંહ પ્રથમ સ્થાને હતા અને મોહન યાદવ બીજા સ્થાને હતા.

મોહન યાદવ પાસે છે આટલી સંપત્તિ

મોહન યાદવે તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં પોતાની સંપત્તિની વિગતો આપી હતી. જે મુજબ મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી પાસે ૧.૪૧ લાખ રૂપિયાની રોકડ છે, જ્યારે તેમની પત્ની પાસે ૩.૩૮ લાખ રૂપિયાની રોકડ છે. બેંકોમાં જમા રકમ વિશે વાત કરીએ તો, તેમની અને તેમની પત્નીના અલગ-અલગ બેંકોના ખાતાઓમાં ૨૮,૬૮,૦૪૪.૯૭ રૂપિયા જમા છે.

# મધ્યપ્રદેશમાં નવા CM મોહન યાદવ, વિધાનસભા અધ્યક્ષ અને ૨ નાયબ ઝસ્ના નામની પણ જાહેરાત




મધ્યપ્રદેશમાં CMની જવાબદારી મોહન યાદવને, જ્યારે નરેન્દ્રસિંહ તોમરને બનાવાયા વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર શુક્લા અને જગદીશ દેવડાને નાયબ મુખ્યમંત્રી બનાયા, ભાજપના ધારાસભ્યોની બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો

ભોપાલ, તા.૧૨

છત્તીસગઢ બાદ હવે મધ્યપ્રદેશમાં પણ નવા મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રીઓના નામની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી તરીકે મોહન યાદવ ના નામ પર મહોર મારી દેવાઈ છે, તો વિધાનસભા અધ્યક્ષ તરીકે નરેન્દ્ર સિંહ તોમર નું નામ ફાઈનલ કરાયું છે, જ્યારે રાજ્યમાં ૨ નાયબ મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરાઈ છે, જેમાં રાજેન્દ્ર શુક્લા અને જગદીશ દેવડાને જવાબદારી સોંપાઈ છે. ભ્નઁના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી, જેમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો છે.

મધ્યપ્રદેશમાં ૩ ડિસેમ્બરે વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર કરાયું હતું, જોકે ૮ દિવસ બાદ આ નામોની જાહેરા કરવાની સાથે ઝસ પદને લઈ ચાલી રહેલા સસ્પેન્ડનો અંત આવ્યો છે. અગાઉ રાજ્યના મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર કહેવાતા શિવરાજ સિંહ ચૌહાણનું નામ ચર્ચાતું હતું, જોકે હવે રાજ્યમાં મુખ્યમંત્રી પદની જવાબદારી મોહન યાદવને સોંપાઈ છે. મધ્યપ્રદેશમાં ભાજપે ૧૬૩ બેઠકો જીતી છે, જ્યારે કમલનાથ સામે ચૂંટણી લડી રહેલી કોંગ્રેસે માત્ર ૬૬ બેઠકો પર જીતી છે.

# ઈઝરાયલ-હમાસના સંઘર્ષ વચ્ચે લાલ સાગર બન્યું નવું યુદ્ધનું મેદાન

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધને બે મહિના વીતી ગયા છે. બંને વચ્ચે હજુ પણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. જોકે આ દરમિયાન એક સમય એવો પણ આવ્યો હતો કે જ્યારે યુદ્ધવિરામની સ્થિતિ આવી હતી અને એ સમય પણ વીતી ગયો અને ફરી ભીષણ યુદ્ધની શરૂઆત થઈ ચૂકી છે. આ દરમિયાન બંને વચ્ચે લાલ સાગર નવું યુદ્ધનું મેદાન બની ગયું છે. અહીં અમેરિકા બાદ ફ્રાન્સના યુદ્ધજહાજ પર હુમલાની ઘટના સામે આવી છે. આ હુમલા પાછળ યમનનો હાથ હોવાનો આરોપ લાગ્યો છે. યમનના બે ડ્રોન દ્વારા ફ્રાન્સના યુદ્ધજહાજને નિશાન બનાવવામાં આવ્યો હતો. જોકે આ ડ્રોન નષ્ટ કરી દેવાયાની માહિતી છે. ફ્રાન્સના સંરક્ષણ મંત્રાલયે આ માહિતી આપી હતી. યમનમાં ઈરાન સમર્થિત હૌથી બળવાખોરોએ



લાલ સાગરમાં અવર જવર કરતાં જહાજોને નિશાન બનાવવાના સોગંદ લીધા છે. હૌથી ઈઝરાયલના કટ્ટર દુશ્મન છે. તેમણે ૭ ઓક્ટોબરે હમાસના આતંકીઓ દ્વારા ઈઝરાયલ પર કરાયેલા હુમલા બાદથી સમુદ્રમાં એક પછી એક હુમલાઓને અંજામ આપ્યો છે જેનાથી એક સૌથી ઘાતક યુદ્ધની શરૂઆત થઈ છે.

# કર્ણાટકનીમ ૫૦થી ૬૦ ધારાસભ્યો સાથે કોંગ્રેસ છોડી શકે છે, કુમારસ્વામી

બેગ્લુરૂ,તા.૧૧

જનતા દળ (સેક્યુલર)ના નેતા એચડી કુમારસ્વામીનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. તેમનું કહેવું છે કે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ગમે ત્યારે પડી શકે છે.

કુમારસ્વામીએ કહ્યું કે સત્તાધારી કોંગ્રેસના એક પ્રભાવશાળી મંત્રી કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલી કાનૂની મુશ્કેલીઓથી બચવા માટે ભાજપમાં જોડાવાનું વિચારી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે મંત્રી '૫૦ થી ૬૦ ધારાસભ્યો' સાથે કોંગ્રેસ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ શકે છે. આ માટે તેઓ ભાજપના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે.જેડીએસ નેતાએ પત્રકારોને કહ્યું કે કોંગ્રેસ સરકારમાં બધું બરાબર નથી. તેમને ખબર નથી કે આ સરકાર ક્યારે પડી જશે. એક મંત્રી તેમની સામે નોંધાયેલા કેસમાંથી બચવા માટે તલપાપડ છે.કુમારસ્વામીએ કહ્યું કે કેન્દ્રએ તેમની સામે એવા કેસ નોંધ્યા છે જેમાંથી બચવાની કોઈ શક્યતા નથી. પત્રકારોએ જ્યારે નેતાનું નામ પૂછ્યું તો તેમણે કહ્યું કે નાના નેતાઓ પાસેથી આવા પગલાની અપેક્ષા રાખી શકાય નહીં. માત્ર પ્રભાવશાળી લોકો જ આ કરી શકે છે.જેડી(એસ)ના પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે મહારાષ્ટ્ર જેવું કંઈક કર્ણાટકમાં ગમે ત્યારે થઈ શકે છે. તેમણે કહ્યું કે વર્તમાન રાજકીય વાતાવરણને જોતા કંઈ પણ થઈ શકે છે.

# 'આ ચુકાદો મૃત્યુદંડથી ઓછો નથી...' કલમ ૩૭૦ અંગે સુપ્રીમકોર્ટના નિર્ણયથી મહેબૂબા મુફ્તી ભડક્યાં

કલમ ૩૭૦ની કાયદેસરતા અંગે સુપ્રીમકોર્ટે ચુકાદો આપી દીધો છે. ટોચની કોર્ટે કેન્દ્ર સરકારના કમલ ૩૭૦ અંગેના નિર્ણયને યથાવત્ રાખ્યો અને કહ્યું કે હવે તેના પર ચર્ચા કરવી યોગ્ય નથી કેમ કે જ્યારે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ બન્યો હતો ત્યારે જમ્મુ-કાશ્મીરે તેની સંપ્રભુતા ગુમાવી દીધી હતી. જમ્મુ-



કાશ્મીરનું ઉદાહરણ આપતાં સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું હતું રાષ્ટ્રપતિને કોઈપણ રાજ્ય વિશે નિર્ણય કરવાનો અધિકાર છે અને તેમણે જ આ નિર્ણય કર્યો હતો. હવે આ ચુકાદા પર વિવિધ નેતાઓ પ્રતિક્રિયા આપવા લાગ્યા છે. કોણે કોણે પ્રતિક્રિયા આપી?

આ ચુકાદા પર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ખુશી વ્યક્ત કરી હતી તો જમ્મુ-કાશ્મીરથી ઓમર અબ્દુલ્લાહ અને ગુલામ નબી આઝાદ સહિત અનેક નેતાઓએ નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું કે અમે લાંબી લડત માટે તૈયાર છીએ. જ્યારે મહેબુબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર વિવાદિત વીડિયો પોસ્ટ કરી આ ચુકાદાની મૃત્યુદંડ સાથે તુલના કરી હતી.

મહેબૂબા મુફ્તીએ સુપ્રીમકોર્ટના ચુકાદાને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો સાથે કહ્યું કે આજે સુપ્રીમકોર્ટે જે નિર્ણય લીધો છે તે ખરેખર નિરાશાજનક છે પણ આપણે નિરાશ થવાની જરૂર નથી.

# ટ્રેન રોકી દહીં લેવા જનાર રાણાસાહેબને સસ્પેન્ડ કર્યા - જોહુકમી ન ચાલે!!

તંત્રી લેખ......

## બિહારનો ૭૫ ટકા અનામતનો પ્રસ્તાવ લોકસભા ચૂંટણીમાં જ્ઞાતિવાદ

પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓનો પ્રચાર દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે બીજી તરફ કોંગ્રેસના સૂરમાં સૂર મિલાવી ૨૦૨૪ લોકસભાની ચૂંટણીનો એજન્ડા સેટ કરવા માટે એક ડગલું માંડી દીધું છે, જે આવનારા દિવસોમાં ભારતીય રાજકારણની દિશા અને દશા બદલી શકે તેમ કહેવાય છે. જ્ઞાતિવાદ આધારિત સર્વેક્ષણનો અહેવાલ બિહાર વિધાનસભામાં પ્રસ્તુત કરતા મુખ્યમંત્રી નીતિશકુમારે જાહેર કર્યું છે કે અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધારીને ૭૫ ટકા સુધી કરવી, જેમાં આર્થિક માપદંડ અનુસાર ૧૦ ટકા ગરીબોનો સમાવેશ આવરી લેવાય. જે પ્રસ્તાવ બિહારના સર્વેક્ષણ આધારે છે. જ્ઞાતિવાદનું રાજકારણ ખેલવાની આ પરંપરા અન્ય રાજ્યોમાં અને રાજકીય પક્ષોમાં વકરશે તો ૨૦૨૪ લોકસભામાં જ્ઞાતિવાદનો મુદ્દો હાવી થઈ જશે એવી રાજકીય ચર્ચા શરૃ થઇ છે. સીએમ નીતિશકુમારે જ્ઞાતિ આધારિત સર્વેક્ષણનો અહેવાલ ઔપચારિક રીતે વિધાનસભાના મેજ પર મૂકતાં કહ્યું હતું કે બિહારમાં ૯૪ લાખ પરિવારોની આવક મહિને ૬ હજારથી ઓછી છે, માટે તેઓને બે લાખ રૃપિયાનો બેનિફિટ એક વખત આપવામાં આવશે.સાથોસાથ તેમને બિહારમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, અધર બેકવર્ડ ક્લાસ (ઓબીસી) અને એક્સ્ટ્રીમ બેકવર્ડ ક્લાસ અર્થાત્ અતિ પછાત વર્ગની અનામતની ટકાવારીની ટોચમર્યાદા અત્યારે ૫૦ ટકા છે, જે વધારીને ૬૫ ટકા તથા આર્થિક માપદંડને આધારે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગને મળવાપાત્ર થતા ૧૦ ટકા સ્વીકારીને કુલ ૭૫ ટકા અનામતની જોગવાઈ રાખવા પ્રસ્તાવ રજૂ કર્યો છે. બિહાર જેવું રાજ્ય આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ આર્થિક દૃષ્ટિએ આટલું પછાત શા માટે છે એ અંગે પણ એક પ્રમાણિક અભ્યાસ બલકે સંશોધન થવું જોઈએ. નીતિશકુમારની યોજના આ પરિવારોને આર્થિક રીતે પગભર થવા માટે એક વખત રૃપિયા બે લાખની સહાય કરવાની છે. એટલું જ નહીં, આગામી પાંચ વર્ષમાં આર્થિક રીતે પછાત લોકોને અઢી લાખ કરોડ રૃપિયાની યોજનાઓ દ્વારા મદદ કરવાની છે.

વવવગિરધરભાઇ.તમે કાર લઈને ઓફિસે જતા હોવ અને રસ્તામાં બેકરી આવતી હોય. તમે બ્રેડ-બટર ખરીદ કરવા કાર બ્રેક કરો તો તમારી કંપની સસ્પેન્ડ કરે તો તમને કેવું લાગે?'' રાજુએ પ્રમેય જેવો કોયડો પૂછ્યો.

“ જો, રાજુ રસ્તામાં ક્યાંક ખરીદી કરવાની હોય તો મેનેજમેન્ટને શું વાંધો લેવાનો હોય!'' મેં સૈધ્ધાંતિક વાત કહી.

“ગિરધરભાઇ. તમે લંચ બ્રેકમાં ઓફિસ છોડી ભાભીએ કોથમીર, મરચા, લીલી હળદર, મેથીની ઝૂડી લઇ આવો તો મેનેજમેન્ટને શાના તેજપુરી કે સુરતી મરચા કેમ લાગે??!''

“રાજુ. આપણે ત્યાં રાજકાજ અને ઘરકાજની ભેદરેખા નથી અથવા પાતળી છે. કેટલીક કંપનીના પરચેઇઝ મેનેજર સબ ભૂમિ ગોપાલ કી માનીને કંપનીના પૈસે પોતાની પણ ખરીદી કરી નાંખે છે કર્મચારી છે તો કંપની છે તેવી વિચારધારાના ચિંતકો છે!!'' મેં રાજુને વિચારધારા સમજાવી.

“ ગિરધરભાઇ. પ્રાચીન સમયમાં શાસકો સર્વસતાધીશ હોવા છતાં સામાન્ય જનતા જનાર્દન ( એમને દર પાંચ વરસે ચૂંટણી લડવાની ન હોવા છતાં પ્રજાના અભિપ્રાયનું સન્માન કરતા હતા.આજે પાંચ વરસે ચૂંટણી લડવાની હોવા છતાં જનાભિપ્રાયની અવજ્ઞા અહંકારી શાસકો કરે છે. પ્રજાના કલ્યાણના બદલે ગણ્યા ગાંઠિયા મૂડીપતિના કલ્યાણાર્થે દેશ વેચે છે!!)ના અભિપ્રાયનું સન્માન કરતા હતા. ધોબી (એ જમાનાના ચર્ચાપત્રી)એ ઉચ્ચારેલ વચન ધ્યાને લઇને ભગવાન રામે સીતામાતાનો ત્યાગ કરેલ હતો. નહીતર ધોબી પર મકોકા કે એનએસએ કાયદો લગાડીને લગાડ્યા વિના શિરચ્છેદની સજા ખટલો ચલાવીને કે ચલાવ્યાં વગર કરી શકયા હોત .એ અલગ વાત છે)નાગરિકને ગફલતથી મારનાર પતિને મારી નાંખવાનો ન્યાય જહાંગીરની બેગમ નૂરજહાં જ કરી શકે.શાસકની ટીકા એ રાષ્ટ્રદ્રોહ ગણાય એવી સમજને અતીતમાં સ્થાન ન હતું.'' રાજુએ ઈતિહાસ ઉખેળ્યો!!!

“ વાહ રાજુ વાહ. તું ઈતિહાસ વિષય લઈને જીપીએસસી કે યુપીએસસીની પરીક્ષા દઇ રહ્યો છે કે શું?'' મેં રાજુના જનરલ નોલેજથી પ્રભાવિત થઈને કહ્યું .

“ ગિરધરભાઇ. પાકિસ્તાનમાં સરકારે એક ખાનસાબને સસ્પેન્ડ કરી નાંખ્યા!!'' રાજુએ વર્તમાનપત્રના સમાચાર કહ્યા.

“ રાજુ. શુક્ર મનાવો કે ખાનસાબ અફઘાનિસ્તાનમાં નથી. અન્યથા કોઇ તાલિબાનના વરદ્હસ્તે અલ્લાહને પ્યારા થઇ ગયા હોત!!'' મેં રાજુને કહ્યું.

“ ઓહ! એવું છે?'' રાજુની આંખમાં ખૌફ પ્રતિબિંબિ થયો!!

“રાજુ. ખાનસાહેબનો કોઇ વાંક કે ગુનો શું હતો?'' મેં વાજબી સવાલ પૂછ્યો.

“ પાકિસ્તાન રેલવેના ડ્રાઈવર રાણા મોહમ્મદ શહેઝાદ કેટલા વરસોથી નોકરીની મોકરી કરે છે તે અખબારે જણાવ્યું નથી. કયાં રૂટ પર, નેરોગેજ, મીટરગેજ કે બ્રોડગેજ રેલવે ચલાવે છે તે પણ વિગતો નથી. તે પેસેન્જર ટ્રેન ચલાવે છે કે ગુડઝ ટ્રેન ચલાવે છે તે પણ જણાવાયેલ નથી.રાણા સાહેબ અટક સૂચવે છે કે તે રાજા છે. અલબત, રાણા સાહેબને બેગમ- ઘરવાળીએ હુકમ કરેલો હશે કે નોકરીએથી આવો ત્યારે મેળવણ માટે દહીં લેતાં આવજો . રાણા સાહેબ રાતે એક વાગ્યે ટ્રેન લઇને આવે ત્યારે ડેરી કે દૂધની કંઇ દુકાન ખુલ્લી હોય. રાણા સાહેબ દહીં લીધા સિવાય ઘરે જાય તો રાતનું ખાવાનું તો બાજુ પર રહ્યું પણ બેગમ રાણા સાહેબનો મટનખીમો કરી નાંખે!!જો કે રાણા સાહેબ સ્વમરજીના માલિક છે. દહીં લેવા જવા જેવી મામૂલી વાતમાં પાક. રેલવે શિસ્ત, સેવા અને વર્તણૂક નિયમોના પેટાનિયમ કે વિનિયમો અંતર્ગત સક્ષમ અધિકારીની પૂર્વ કે પશ્ચાત્ મંજૂરી જરૂરી છે કે કેમ તેનો પણ ઉલ્લેખ નથી. તમને પદરના પૈસે (એટલે કે ખુદના પૈસાથી )દહીં ખરીદવા મંજૂરી લેવાની કયાં જરૂરી હોય? ઝેર ખરીદો .(તમાકુ,ગુટકા,શરાબ, ડ્રગ્સ વગેરે) ખરીદે છે. સરકારની મંજૂરી કોણ લે છે?) રાણા સાહેબે રેલવેની ટર્મિનીલોજીમાં જે રેલવે સ્ટેશને ગાડી ઉભી ન રહે તેને ફલેગ સ્ટેશન કહેવાય તે કાહના કાચા સ્ટેશને ગાડી ઉભી રાખીને દહીં લીધું. માનીએ કે ટ્રેનમાં ફેરિયો દહીં વેચતો હોય તે રેલવે એન્જિનીાં જઇને ડ્રાઇવરને દહીં થોડો વેચવાનો ગતો?રાણા સાહેબે ગાડી ઉંભી રાખી દહીં લીધું એમાં કયું આભ તૂટી પડવાનું હતું?એ રેલવે લઇને શોપિંગ મોલ, દુકાન કે તબેલામાં દહીં ખરીદવા ગયા હોય અને કોઇ હોનારત કે જાનહાનિ થઇ હોય તો સંજ્ઞાન લેવાની હોય!ઉલ્ટાનું જે ગામે ટ્રેન ઉભી રાખી તેના ગ્રામજનોને ઉભેલી ટ્રેન જોવાનો મોકો કે અવસર મળેલો નહીં. ગ્રામજનો માટે આંધળી વ્યકિતએ હાથી જોઇને હાથીનું વર્ણન કરેલ તેમ ટ્રેન જોવા, ટ્રેનમાં ચડવા કે ઉતારવાનો મોકો પ્લેટફોર્મ ટિકિટ લીધા સિવાય મળ્યો તેના માટે રેલવે મિનિસ્ટરે રાણા સાહેબનું સન્માન કરવું જોઇએ!!!''રાજુ બોલ્યો

“રેલવે મિનિસ્ટરે રેલવે એન્જિન ડ્રાઇવરને છુંછા જેવી બાબત માટે સસ્પેન્ડ કર્યા પણ રેલ્વે અકસ્માત માટે ખુદને જવાબદાર ગણી ખુદને સસ્પેન્ડ કેમ નહીં કરતા હોય?'' મેં કહ્યું રાજુ હેં હેં કરીને ગુડઝ ટ્રેઇનની જેમ મારા ઘરના પ્લેટફોર્મ પરથી રવાના થયો!!!

**ભરત વૈષ્ણવ**

# પાટણમાં ગરમ વસ્ત્રના બજારમાં ખરીદીનો માહોલ જામ્યો, ઠંડીથી રક્ષણ મેળવવા માટે અવનવા ગરમ વસ્ત્રોની ખરીદી





શિયાળાની ઋતુ જામતાની સાથે જ ગુલાબી ઠંડીની શરુઆત થઈ ચુકી છે. જેથી લોકો બદલાતા ઋતુચક્રની સાથે પોતાના વસ્ત્ર પરિધાન અને રહેણીકરણી તેમજ ખાણીપીણીમાં પણ બદલાવ લાવે છે ત્યારે હાલમાં પાટણમાં ઠંડીના ચમકારાની શરુઆત થતાં જ ગરમ વસ્ત્રોના બજારમાં ખરીદીનો ગરમાવો જોવા મળી રહયો છે.

સમગ્ર રાજય સહિત પાટણ જીલ્લામાં ડીસેમ્બર માસના મધ્યભાગની શરુઆત થતાં જ શિયાળાની ગુલાબી ઠંડીની શરુઆત થઈ ચુકી છે. છેલ્લા ૩ દિવસથી તાપમાનમાં ઉત્તરોત્તર ઘટાડો થતા લોકો ઠંડીનો અહેસાસ કરી રહયા છે. ઠંડીની શરુઆત થતાંની સાથે જ લોકોના વસ્ત્ર પરિધાનમાં પણ ફેરફાર જોવા મળે છે ત્યારે શિયાળાની ઋતુને લઈ શહેરના આનંદ સરોવર સમીપ ગરમ કપડાનું ઢગલા બજાર શરુ થઈ ગયું છે... જયાં નગરજનો સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે અવનવા ગરમ વસ્ત્રોની ખરીદી કરતા જોવા મળી રહયા છે.છેલ્લા કેટલાક વર્ષોથી આનંદ સરોવર પાસે ભરાતા આ ઢગલા બજારમાં ગરમવસ્ત્રોની વેરાયટીઓમાં વધારો થતો જાય છે. જેમાં ગરમ ઉનના સ્વેટરો, જાકીટ, હાથમોજા સહિત નાના બાળકોના વિવિધ વેરાયટીવાળા ગરમ વસ્ત્રોની ખરીદી માટે લોકોને ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. આમ ઠંડીની શરૂઆત થતાં જ પાટણ શહેરમાં ગરમ વસ્ત્રના બજારમાં ખરીદીનો ગરમાવો જોવા મળી રહ્યો છે.



ચુનાખાણ પ્રાથમિક શાળા તા. ભિલોડા જી. અરવલ્લીમાં સંસ્કૃત વિભાગની સંસ્કૃત ભારતી, દિલ્હી, ગુજરાત પ્રદેશ સંસ્થા દ્વારા લેવાતી સંસ્કૃત ગૌરવ પરીક્ષા લેવાઈ જેમા શાળાના ધોરણ. ૬ થી ૮ ના ૨૬ બાળકોએ પ્રવેશીકા અને ૩૪ બાળકોએ પ્રદીપિકા પરીક્ષા આપી હતી.શાળાના શિક્ષકો ધર્મિષ્ઠાબેન, સુરેશભાઈ , ગણેશભાઈ, પારૂલબેને પુસ્તક નો અભ્યાસ કરાવ્યો અને સંસ્કૃત ગૌરવ એપ ડાઉનલોડ કરાવી ઉપયોગ અંગે સમજ આપી હતી.શાળાના આચાર્ય શરદ બારોટે પરીક્ષા વ્યવસ્થાપન સંભાળતા તમામ પરીક્ષાર્થી બાળકો અને તેમના વાલીઓને બિરદાવ્યા હતા.ગત વર્ષે પણ આ શાળાના ૫૨ બાળકોએ પ્રવેશીકા પરીક્ષા પાસ કરી હતી.સી.આર.સી - કો. ઓર્ડીનેટર જયેશ પટેલ તથા જી.સ.ઝ સભ્યોએ પણ શાળાને પરીક્ષામાં ભાગ લેવા બદલ બિરદાવ્યા હતા.




અસારવા જહાંગીરપુરા ચકલા ખાતે આવેલ ફોરમ પ્રાથમિક શાળા પાસે પોલિયો અભિયાનના ભાગરૂપે જહાંગીરપુરા વિસ્તારના ૦ થી ૫ વર્ષ ના બાળકોને રસી પીવડાવવા નો કાર્યક્રમ અસારવા અર્બન હેલ્થ સેન્ટરની બહેનો દ્વારા યોજવામાં આવ્યો આ પોલિયો બુથ અભિયાનમાં આશરે ૮૦ થી ૯૦ નાના બાળકો ને રસી પીવડાવવા નો લાભ આપવામાં આવ્યો આ પ્રસંગે જહાંગીર પુરા સર્કલ દ્વારા નાના બાળકોને ચોકલેટ વિતરણ કરવામાં આવી. જહાંગીરપુરા યુથ સર્કલ ના પ્રમુખ તેમ જ મ્યુનિસિપલ કોર્પોરેશન અર્બન હેલ્થ સેન્ટરના બહેનો કાર્યકરો અને લાભાર્થી બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીના મોડાસાના મુલોજ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પોહચ્યો

અરવલ્લીના મોડાસાના મુલોજ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પોહચ્યો હતો અને ગામના લોકોએ સ્વાગત કર્યું હતું.મંત્રીશ્રીએ સંબોધન કરતા જણાવ્યું કે ;'આજે આપના ઘરઆંગણે સરકારશ્રીની ૧૭ જેટલીયોજનાઓનો લાભ મળી રેહશે.અનેક પ્રકારની યોજનાઓનો સીધો લાભ લોકોને મળી રહે તે માટે સરકારશ્રીએ આયોજન કર્યું છે .અરવલ્લી જિલ્લાના લાભાર્થીઓ મોદીની ગેરેન્ટી વાળી ગાડીને આવકાર આપી રહ્યા છે તે જોઈને અમને પણ ઉત્સાહ વધી રહ્યો છે.સરકાની અનેક યોજનાઓનો લાભ આપણને સીધો મળે છે. તો હું આપને અપીલ કરું છું કે આપ લાભ લો અને પૂરી માહિતી મેળવો.મોદીની ગેરંટી વાળી ગાડી દરેક લોકોને લાભ આપનારી સાબિત થઈ રહી છે.મુલોજ ગામના રહેવાસીઓને ખાસ આરોગ્ય અને ખેતીને લગતી યોજનાઓ છે તેના લાભ લેવા અનુરોધ કરું છું. '







ગુજરાત ક્ષત્રિય સભા ની પ્રદેશ કારોબારી ની મિટિંગ સંસ્થા ના પ્રમુખ શ્રી કરણસિંહજી ચાવડા ના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળી હતી . જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી મહેન્દ્રસિંહજી રાણા(પૂર્વ.મેયર શ્રી.મહાનગર પાલિકા.ગાંધીનગર.)અતિથિ વિશેષ પદે શ્રી વિરેન્દ્રસિંહજી પરમાર(પ્રભારી શ્રી ઉતર ગુજરાત ક્ષત્રિય સભા)તથા અગ્રણીઓ તથા ગુજરાત ના દરેક જિલ્લા ના પતિનિધિ ઓ ઉપસ્થિત રહ્યા હતા આ મિટિંગ માં કરણી સેના નાં અધ્યક્ષ સ્વં .શ્રી સુખદેવસિંહજી ગોગમેડી ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માં. આવી હતી તેમજ ભડાણા તા.માંડલ.જી.અમદાવાદ ખાતે સ્વ.શ્રી વિજયસિંહજી ચૌહાણ ના. હત્યા કેસ ની તપાસ માટે ઉગ્ર રજૂઆત કરી કાર્યવાહી કરી ન્યાય અપાવા ચર્ચા કરાઇ હતી

## સાદરા ખાતે લેન્ડફીલ મુદ્દે ગ્રામજનોએ રાત્રિ સભામાં આંદોલનની રણનીતિ ઘડી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરમાં અનેક જગ્યા નક્કી થયા બાદ પણ સ્થાનિકોના વિરોધના પગલે લેન્ડફીલ સાઈટ નક્કી નહીં કરી શકેલી મહાનગરપાલિકા હવે સાદરા ખાતે લેન્ડફીલ સાઈટ બનાવવા માટે મક્કમ રીતે આગળ વધી રહી છે. જેનાં વિરોધમાં ગઈકાલે યોજાયેલી રાત્રિ સભામાં આંદોલનની રણનીતિ ઘડી કાઢવામાં આવી હતી. જે અન્વયે આજે વેપાર ધંધા બંધ રાખી આવતીકાલે સોમવારે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવશે. તેમ છતાં કોઈ નિવેડો નહીં આવે તો ભારત સંકલ્પ યાત્રા રોકી ચુંટણીનો બહિષ્કાર કરવાનો ગ્રામજનોએ હુંકાર કર્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કોર્પોરેશનનાં નિર્ણય સામે સાદરાનાં ગ્રામજનોએ લડતનાં મંડાણ કરી દીધા છે. કોર્પોરેશન દ્વારા ઘન કચરાના નિકાલ અર્થે ઘણા વખતથી લેન્ડફીલ સાઈટ શોધવામાં આવી રહી હતી. અગાઉ પેથાપુરમાં લેન્ડફીલ સાઈટ બનાવવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. જો કે સ્થાનિક રાજકીય આગેવાનો સહીતના ગ્રામજનોએ ઉગ્ર વિરોધ કરતાં મડાગાંઠ સર્જાઈ હતી. એજ રીતે કોલવડામાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રએ નજર દોડાવી હતી. જો કે અહીં પણ રાજકીય દબાણ — ગ્રામજનોએ વિરોધ કરતાં મનપા તંત્રને રાજકીય દબાણ સામે હથિયાર હેઠા મૂકી દેવાનું મુનાસિબ માની ઉક્ત બંને સ્થળોએ લેન્ડ ફીલ સાઈટનો પ્રોજેક્ટ પડતો મૂકી દેવો પડ્યો હતો. ત્યારે સ્વચ્છતા અભિયાનમાં રેક્ર મેળવાની હરીફાઈમાં મનપા તંત્રએ લેન્ડ ફીલ સાઈટ બનાવવા માટે પોતાની હદ વિસ્તારમાં સર્વે ચાલુ રાખવામાં આવ્યો હતો. અંતે સાદરા ગામ ખાતે લેન્ડફીલ બનાવવા માટે નિર્ણય લઈ લીધો હતો.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી કલોલ તાલુકાના રાંચરડાના ગ્રામજનો થયા કલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ રથ ગામડે ગામડે ફરીને સરકારની વિવિધ યોજનાઓને જન જન સુધી પહોંચાડી રહ્યો છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કલોલ તાલુકાના રાંચરડા ગામ ખાતે આવી પહોંચી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું મહાનુભાવો અને ગ્રામજનો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ‘મેરી જુબાની, મેરી કહાની‘ અંતર્ગત રાંચરડાના ગામમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ દ્વારા પોતાના અનુભવ રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા અને આવનારી પેઢીને ફળદ્રુપ જમીન વારસામાં મળે તે માટેની જાગૃતિ માટે ‘ધરતી કહે પુકાર કે‘ નાટકની સુંદર રજુઆત કરાઇ હતી. ઉપરાંત સ્વાગત ગીત અને દેશભક્તિ ગીત સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાયા હતા.

કાર્યક્રમમાં આયુષ્યમાન કાર્ડ, ઉજ્જ્વલા યોજના સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવોને હસ્તે લાભાન્વિત કરાયા હતા. ઉપરાંત ઓન ધ સ્પોટ ક્વિઝના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોના હસ્તે રાંચરડા ગ્રામપંચાયતને ‘હર ઘર જલ‘ માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવા પોતાનું યોગદાન આપવા શપથ લીધા હતા. ડ્રોનથી દવા છટકાવનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 126.**

નામ : મોહનભાઈ આનંદ
શબ્દઃ ૩૫૦
વિષયઃ વિધિ ના લેખ.
શિર્ષક : નિયતિ.

નિયતિ એટલે નક્કી કરેલું, સ્થાપેલું. પ્રકૃતિમાં સ્થાપિત કરેલા બ્રહ્માંડ ને ચલાવવા ના ફરજિયાત નિયમો કે વિધિ એટલે જ નિયતિ. પરમાત્મા તો નિર્ગુણ નિરાકાર છે પરંતુ એ સગુણ સાકાર લીલા કરવા માટે, કાળપુરુષની અંતર્ગત ત્રિગુણાત્મક માયાના ગુણ અને પાંચ તત્વો તથા એના દેવતાઓ અને ચૌદ લોકોની રચના કરે , એ બધાને ચલાવવા ઉત્પત્તિ સ્થિતિ અને લય ના નિયમો બનાવે એને વિધિનું વિધાન કહેવાય છે.

વિધિના નિયમ, લેખ એ બધું સૃષ્ટિ ના કર્તા જાણે છે. મનુષ્યનો લોક એટલે કે પૃથ્વી એ કર્મને આધીન છે.માનવ કર્મો દ્વારા દેવ ,દાનવ માનવ કે કીટ પતંગ કોઈ પણ યોનિ માં એના કર્મોની ગતિ પ્રમાણે જાય છે. ઈશ્વર ના અવતાર માનવ શરીરમાં કર્મની પ્રધાનતા જાણી નિષ્કામ ભાવે કર્મ કરી બોધ પાઠ આપે છે.
ગીતામાં કર્મયોગ વિશે સુંદર સુસ્પષ્ટ વર્ણન કર્યું છે. જે અનાસકત ભાવે નિષ્કામ કર્મ કરે તેને બંધન નડતું નથી.બધન તો સકામ કર્મના કારણે છે.
એટલે જ ક્રિયમાણ એટલે વર્તમાન કર્મ, સંચિત એટલે ભેગા થયેલા કર્મ અને પ્રારબ્ધ એટલે પરિપકવ થયેલા ભોગવવાં મળતા કર્મ જેને આપણે ભાગ્ય અથવા વિધાતાએ નક્કી કરેલું કર્મ કહી શકીએ. એ પ્રારબ્ધ પણ તીવ્ર,મધ્યમ અને મંદ હોય છે, તીવ્ર પ્રારબ્ધ ભોગવી ને જ છૂટકો થાય .

એટલે કે આપણા કર્મો દ્વારા જ આપણે આપણું પ્રારબ્ધ ઘડીએ છે. આપણે કર્મ બીજના કારણે પુનરાવર્તન આને પુનર્જન્મ માનીએ છીએ એટલે ભેગા થયેલા કર્મમાંથી જે આ જન્મમાં ભોગવવા મળે છે એને વિધિ ના લેખ, કે ભાગ્ય અથવા પ્રારબધ કહીએ છીએ. વાસ્તવમાં એ આપણા જ કર્મ પરિપકવતા પામી પ્રારબ્ધ રૂપે ફલિત થાય છે.

કર્મ,અકર્મ વિકર્મ એવી ઘણી રીતે શાસ્ત્રોમાં કર્મો ની વ્યાખ્યા આપી છે.પરંતુ એ દરેક વ્યક્તિની પોતાની ઈચ્છા તૃષ્ણા અને સકામ ભાવના દ્વારા થતા કર્મો સામાન્યતઃ સમજવા. જેમને કર્મ ની ગતિ જાણવી છે. નિયતિ એટલે દૈવથી
ઉપર ઉઠીને મુક્તિ ને આનંદ લેવો છે, એણે નિષ્કામ ભાવે અનાસક્તિમાં કર્મ કરે તો એ કર્મો અથવા નિયતિના બંધનથી છૂટી મોક્ષ માર્ગે જીવતે જીવ જાય છે. મૃત્યુ પછી મુક્તિ કે સદગતિએ ભ્રમણા છે.

આમ નિયતિ કે પ્રારબ્ધને ગતિ આપનાર આત્મા પોતે છે,એ કર્મનો સિદ્ધાંત જણાવે છે. માટે હંમેશા ખુશમિજાજ રહો આનંદમાં રહો . આને સકામ નિષ્કામ કર્મ રૂચિ અનુસાર કરી તમારું ભાગ્ય નિર્માણ કરો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.0101**
વિષયઃ વિધિના લેખ
પ્રકારઃ ગદ્ય-વાર્તા
શબ્દોઃ ૩૪૯
શીર્ષક : તથાગત
લેખક : ભરત સાંગાણી

નાલંદા વિદ્યાપીઠમાંથી તાજો જ સંસ્કૃત અભ્યાસક્રમમાં જ્યોતિષ વિષયમાં સ્નાતક થયેલ એક યુવાન વિદ્યાર્થી, નવા જીવનપથ પર ડગ માંડતો, માથે પુસ્તકો મૂકી નિરંજના નદીને કાંઠે કાંઠે રેતીના પટ પર પોતાના ગામની દિશામાં ચાલવા લાગ્યો.
પગમાં તરવરાટ અને આંખોમાં ભવિષ્યનાં સોણલાં.
તેની નજર રેતીમાં પડેલાં મોટા પદ ચિન્હો પર પડી. તેની કુતૂહલતા વધી હજી તાજેતરમાં જ તે સામુદ્રિક વિદ્યામાં પારંગત થયો હતો .
તેણે જોયું કે આ પગલાં, ને તેના પર અંકિત ચિન્હો જોઈ તેનું જ્ઞાન કહી રહ્યું હતું કે, આ જરૂર કોઈ સમ્રાટના રાજા ધીરાજનાં પગલાંની છાપ હોવી જોઈએ.
મનમાં સંશય થયો જો રાજા હોય તો તેની સાથે સૈનિકો હોવા જોઈએ? રાજા આમ નગ્ન પગલે તો ન ચાલે! અન્ય કોઈ પદ ચિન્હો દેખાયાં નહીં.
પોતે જે જોઈ રહ્યો છે તે સાચું કે મેં મેળવેલું જ્ઞાન સાચું?
શંકાના વમળમાં ખેંચાતો તે આગળ વધ્યો. થોડે દૂર તેણે એક વૃક્ષની છાયામાં, ઓટલા પર બેઠેલ વ્યક્તિ જોઈ, તે તે તરફ આગળ વધ્યો.
પાસે આવ્યો. તે મહાનુભાવ આંખો મીંચીને ધ્યાનમાં બેઠાં હતાં.
તેના ચહેરાની મુખમુદ્રા જોઈ, તેના સામુદ્રિક લક્ષણોનું નિરીક્ષણ કરી જાણ્યું કે, આતો કોઈ મહાન રાજા જ હોવા જોઈએ ,પણ બાજુમાં કમંડળ પડેલું જોઈ તેના જ્ઞાનને ધક્કો પહોંચ્યો .
આ વ્યક્તિ સામાન્ય માનવી કે ભિક્ષુક ન હોય શકે. પણ જે જોઈ રહ્યો છે તે તેનાથી સાવ વિપરીત દશ્ય છે, એક સાદા વસ્ત્રમાં વીંટાળેલો દેહ આજુબાજુ કોઈ ચાકર નહીં. હવે તેને તેણે પ્રાપ્ત કરેલ વિદ્યા નિરર્થક લાગી. આટલાં વર્ષોની લગનથી પ્રાપ્ત કરેલું જ્ઞાન અર્થહીન લાગવા માંડ્યું . તેને થયું આ પુસ્તકોનો હવે કોઈ અર્થ નથી. તેને નદીમાં જ પધરાવી દેવા જોઈએ.
સાથે સાથે જાણવાની જિજ્ઞાસા પણ વધી, ભિક્ષુક વિષે.
તેમણે આંખો ખોલી પ્રેમાળ નજરે આગંતુક તરફ જોયું.
તેણે કહ્યુંઃ "મેં તમારા પદ ચિન્હો રેતીનાં પટ પર જોયાં , તમારું મુખારવિંદ જોયું, આ સર્વ કાંઈ રાજાધિરાજના લક્ષણ દેખાડે છે. જ્યારે તમે તો ભિક્ષુક છો. તેથી મને મારા જ્યોતિષના જ્ઞાન પર વિશ્વાસ નથી રહ્યો. હું આ પુસ્તકો પણ નદીમાં ફેંકી દેવા માગું છું. આવા જ્ઞાનનો શું અર્થ."
ભિક્ષુકે હસીને કહ્યુંઃ "તારું જ્યોતિષ જ્ઞાન સાચું છે તે પ્રાપ્ત કરેલ વિદ્યા યોગ્ય છે. ★વિધિના લેખ ભગવાનના ભવિષ્યને આલેખી ન શકે, તે કાળથી પર છે.★ તારા કમનસીબે તને સૌથી પહેલી વ્યક્તિ હું મળી, જે ભાગ્યને અતિક્રમી ગયો છે."
તે ભિક્ષુક ભગવાન બુધ્ધ હતાં.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS ™tfh 0042**
વિષય - વિધિના લેખ
શીર્ષક - લાગણીનો સંબંધ
શબ્દ - ૩૪૮
લેખકનું નામ -પૂજા(અલકા) કાનાણી

રીના અને રીપા બંને બેસ્ટ ફ્રેન્ડ હતી. સ્કૂલથી લઈને કોલેજ સુધી બંને સાથેને સાથે. તેઓને સાથે જોઈ લોકો ફેવિકોલની જોડ કહેતાં. રીનાની સગાઈમાં રોહિત સાથે આવેલો રૂપેશ, રીપાને પસંદ કરતો ગયો અને બંનેનાં લગ્ન સાથે જ થયા. હનીમૂન પર પણ સાથે ગયાં હતાં. વિધિનાં લેખ કહો કે કુદરતનો ચમત્કાર કહો, બંનેને બાળકો પણ થોડાં દિવસોનાં અંતરમાં જ જન્મ્યા. રીનાનો દીકરો તીર્થ અને રીપાની દીકરી તૃષા પણ સાથે જ મોટાં થતાં હતાં અને ખૂબ હળીમળીને રહેતાં હતાં. સમજણથી કેળવાયેલો નાતો વેલની જેમ રાત દિવસ વધતો ગયો. તૃષા હમેશાં કહેતી,
"હું, તો રીના મમ્માની જ દીકરી છું,હો...અને ફરમાઈશ કરતી. રીના મમ્મા આજે તો પિત્ઝા થઈ જાય. આજે પૂરણપોળી બનાવી દો ને. મને માથું તમે જ ઓળવી દો. "

રીના ઘણીવાર હસતી,
"રીપા, આ તારી દીકરી મારી પાસે એવાં લાડ કરે છે જાણે મારી દીકરી હોય!."

ક્યારેક વિધાતાને પણ સારા માણસોની કસોટી કરવાનું મન થતું હોય એમ સમય જતાં રીપા ખૂબ બીમાર પડી અને કેન્સરનું નિદાન થયું. ઓછી આવરદાર લઈને આવેલી રીપા સારવાર દરમિયાન જ મૃત્યુ પામી. પોતાની માંદગી ગંભીર છે તે જાણીને કે કુદરતી અંદેશો આવી ગયો હોય એમ તેણે રીના પાસે વચન માગી લીધું હતું.
"રીના, રૂપેશને બીજા લગ્ન કરી લેવા સમજાવજે અને મારાં મૃત્યુ પછી મારી તૃષાને તું જ સાચવજે."

રીપાના મૃત્યુ પછી રૂપેશ હંમેશા રીપાની છબી સામે જોઈ ભગવાનને ફરિયાદ કરતો,
"ભગવાન, મારો નહીં પણ દીકરીનો તો વિચાર કરવો હતો! મા વગરની દીકરીને મારે કેમ ઉછેરવી?" પણ જેની મિત્ર રીના હોય એને ચિંતા કરવાની હોય?

ઘરનાં બધાં વડીલોનાં સહકારથી રૂપેશને સમજાવી બીજા લગ્ન માટે તૈયાર કર્યો અને તૃષાની જવાબદારી પોતે સંભાળી લીધી.

સમય જતાં તૃષા જાણે રીપાનું બીજું રૂપ હોય એમ રીના સાથે નાતો કેળવ્યો અને મા-દીકરીની ફેવિકોલ જેવી જોડ બની ગઈ. સ્કૂલ, કોલેજ, જોબ પરથી પરત આવી તૃષા, રીના મમ્માનાં ગળામાં હાથ ભેરવી અને બધી વાત કરતી ત્યારે રીના, રીપાની છબી તરફ નજર કરતી અને જાણે છબીમાંથી રીપા બોલી ઉઠતી,"વાહ, રીના મમ્મા તમારો જવાબ નથી! લોહીનાં સંબંધ કરતાં લાગણીનો સંબંધ પણ ચડિયાતો હોય એ તમે સાબિત
આભાર - નિહારીકા રવિયા કરી બતાવ્યું." અને સુખડનાં હારની સુગંધ ચારે તરફ ફેલાઈ જતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : વિધિના લેખ
શીર્ષક : 'વિધિની વક્રતા'
શબ્દો : ૩૪૮
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

સૌમ્યા મોટી બહેન અને શ્યામા નાની બહેન, પરંતુ બંનેના દેખાવ અને વાણી, વર્તન અને સ્વભાવ બધું જ તદન અલગ. સૌમ્યાનો વર્ણ ગોરો અને અત્યંત દેખાવડી લાગે. જ્યારે તેનાથી વિપરીત શ્યામા અત્યંત શ્યામવર્ણી અને દેખાવમાં પણ સામાન્ય. ઘરમાં અને બહાર દરેક જગ્યાએ સૌમ્યાને પ્રાધાન્ય મળતું. માતા-પિતાનું બંને દીકરીઓ પ્રત્યે એક સરખું જ હેત હોય છતાં જાણે અજાણે શ્યામા પ્રત્યે થોડા ભેદભાવ અને ઉપેક્ષારૂપ વર્તન થઈ જતું. આનાથી શ્યામાના મનને ઠેસ પહોંચતી અને દુઃખ થતું પરંતુ આ બધાથી તે હવે ટેવાઈ ગઈ હતી.

સૌમ્યા મોજમસ્તી અને બની-ઠનીને બધાનું ધ્યાન આકર્ષિત કરવામાં માનતી હતી. જ્યારે શ્યામા આવડત અને કુશળતાનો ભંડાર હતી, તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતી હતી. સામાન્ય દેખાવની સામે તેનો કુશળતાનો આંક ઘણો ઊંચો હતો. દેખાવ સામાન્ય પરંતુ શાસ્ત્રીય સંગીત અને નૃત્યમાં તેની પારંગતતા આંખે ઉડીને વળગે તેવી હતી. એક અસામાન્ય બાબત એ હતી કે, જ્યોતિષીઓનું એવું કહેવું હતું કે લગ્ન બાદ સૌમ્યાના ભાગ્યમાં જે સુખ શોધવું પડશે તે સુખ શ્યામાના ભાગ્યમાં ભરપૂર પડેલું છે.

કોલેજકાળમાં સૌમ્યાએ મોજમસ્તી કરી અને ત્યારબાદ એક અમીર કુટુંબના યુવક સાથે લગ્ન કરી લીધાં. જીવનનો દરેક વૈભવ તેની મુઠ્ઠીમાં આવી ગયો છે એવી ધારણા સૌમ્યાએ કરી લીધી હતી. પરંતુ સમય જતાં સૌમ્યા અને તેના પતિ વચ્ચે મતભેદ થવા લાગ્યા અને ઘર્ષણ વધવા લાગ્યું, જે એક સમયે લગ્નના ભંગાણ સુધી પહોંચી ગયું. આ તરફ કોલેજકાળમાં શ્યામાને એક સંગીત પ્રેમી યુવક સાથે પ્રેમ થઈ ગયો. તે યુવક તેના દેખાવને નહીં પરંતુ તેના કળાપ્રેમી વ્યક્તિત્વને, સાલસ અને સંસ્કારી સ્વભાવને પસંદ કરતો હતો. વડીલોના આશીર્વાદથી બંનેના લગ્ન થયા. બંને ખુબ ખુશ રહેતા. આગળ જતાં શ્યામાએ શાસ્ત્રીય સંગીત અને નૃત્યમાં ખૂબ નામના મેળવી. પોતાના ઘરમાં તેના મીઠા અને વિવેકી વર્તનને કારણે તે ખૂબ પ્રિય થઈ ગઈ. તેના ભાગ્યમાં સુખ કાયમ માટે આવીને વસી ગયું.

આમ સૌમ્યા પાસે રૂપ અને સૌંદર્ય હોવા છતાં આગળ જતાં જિંદગીમાં વિધિના લેખે તેને માત્ર દુઃખના આરે લાવીને ઉભી રાખી. જ્યારે એક સામાન્ય દેખાવ વાળી શ્યામા તેની વિવેકબુદ્ધિ અને કુશળતાને કારણે તથા વિધિના લેખના બળે જિંદગીમાં કાયમી સુખની બાજી મારી ગઈ. આને ભાગ્યના ખેલ અને વિધિની વક્રતા નહીં કહીએ તો બીજું શું કહીશું?

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
? ૧૧ ડીસેમ્બર ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. -160**
લેખિકાનું નામ : રશ્મિકા અમીન 'રશ્મિ'
વતન : અમદાવાદ
પ્રકાર : ગદ્ય
વિષય : વિધિના લેખ
શિર્ષક : લખાયા લલાટે લેખ
શબ્દ સંખ્યા : ૧૪૨
તારીખ : ૧૧/૧૨/૨૦૨૩
રચના :

વિધિ એટલે ભાગ્ય, નસીબ.
દરેક જીવનું ફાની દુનિયામાં અવતરણ થતાં જ તેના લેખ લખાય જતાં હોય છે. મનુષ્યની ઈચ્છા, અનિચ્છાને કોઈ અવકાશ નથી, પરંતુ અફર લેખને સુકર્મની પીછી વડે સફળ જરૂર કરી શકાય.

લખાયેલ લેખ ક્યારેય મિથ્યા થતાં નથી. ક્યારેક એવું પણ બની શકે કે લખાયેલ લેખને ચરિતાર્થ કરવા સ્વયં ઈશ્વરે આવવું પડતું હોય છે. આ વાક્ય ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ થશે. મહાભારતના યુદ્ધ સમયે દુર્યોધનને માતા ગાન્ધારી સમક્ષ કમરથી નીચે વસ્ત્ર ધારણ કરી ઉપસ્થિત થવા શ્રી કૃષ્ણએ યુક્તિપૂર્વક જણાવ્યું હતું. જેથી દ્રોપદીના અપમાન સામે ભીમ દ્વારા દુર્યોધનની સાથળ તોડવાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ શકે.
મને ઈશ્વરમાં અપાર શ્રધ્ધા છે અને તેમની ભક્તિથી હું અભિભૂત છું, તેમ છતાં મને હંમેશા એક વાત ખડકે છે અને ખટકતી રહેશે. આ દુનિયામાં માતાનું સ્થાન સર્વોપરી અર્થાત ઈશ્વરતુલ્ય ગણાય છે. 'મા' ને વિધાતા ના બનાવી અને દુનિયાની ડોર પોતાના હાથમાં રાખી ઈશ્વર જાણે ભવસાગર તરી ગયો.
અસ્તુ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- વિધિના લેખ
શબ્દ સંખ્યાઃ- ૩૪૮
શીર્ષકઃ- આવહે એટલે આવહે
લેખિકા નામઃ- ડૉ. મનીષા વ્યાસ

ગામના સૂનકાર ચોરે પ્રાચીન મંદિરમાં સંધ્યાટાણે આરતીનો મોટો ઘંટારવ ચારે દિશાએ પડઘા પાડીને બોલવા છતાં જવાનિયાં અને ટાબરિયાં જમતાં-જમતાં ટીવીની મોજ-મસ્તી માણી રહ્યાં હતાં.

ગામનાં કેટલાંક આધેડ અને વૃદ્ધોએ મંદિરે જમાવટ કરી હતી. આરતી, ધૂન, થાળ, અને પ્રસાદના નિત્યક્રમ પછી ભજનની રમઝટ જામી..
★"વિધિના લખીયા લેખ લલાટે એમજ થાય થાય થાય.. શ્રવણ કાવડ લઈને ફરતો.. સેવા માતપિતાની કરતો.."★
ઉત્તરાયણ પછીની ટાઢે દસ્તક દીધી હતી. આજે કમળાબા સવારથી જ નિઃસાસા નાંખતા ઈશ્વરને ભાંડી રહ્યાં હતાં. ટાઢથી દાઢી કડકડાવતાં તેમણે ભજન ઉપાડ્યું.
★"લોચનિયું સુનું રે કાજળ વિના.. મારું દિલડું સુનું રે, હરિનાં ભજન વિના.. માતારે સુની એના પુત્ર વિના.."★ અને ડોશીથી ડૂસકું મુકાઈ ગયું. છેલ્લે તો રીતસર પોક જ મુકાઈ ગઈ.
"અરે રે! મારો ભાંનું આજે સાત વરહ થ્યાં.. ઈના દોસ્તાર રઘલાને ન્યાં છૈયો આયો.. ન મારું ઘર હાવ ભેંકાર..અલ્યા કાળીયા ઠાકર તારા પથરા ચમ ફાટતા નથ..ઈ દન ધરતી ચ્યમ ધૂણી.. મન મુઈન મારગ ચ્યમ નાં દીધો.. તીય..તો મૂઈ મારો જુવાનજોધ છૈયો ભરખ્યો.. મારો ભાંનું માવડિયો બૌ.. તે શેતરે જાતાં ન ભેંહો દોતાં.. મારી ફાંટયમાં ભરાતો.. હુંય કાઈ થઉં.. તે હાલ્લો હંકોરતી.. ન એ બારે નેહરીને ચેવું અહતો.. જાંણે અસ્સલ કનૈયો.. અરર તન હઉ જનેતા કે પણ હું નઈ કૌ.. તું મારી ગનેગાર.. મારી હાતે ભવની વેરી.. મારાં કરમ ફૂટ્યાં તે ઈના બાપના કહ્યામાં આઈ ન ઈન મીએ ભુજમાં મોટી કોલેજ કરવા મેલ્યો.. તાર તો સંધુય ગાંમ કેતું'ક.. મોટો સાહેબ બની ન આવહે. રે કરમ! એક ડગલું છેટું યુંતું ઈનું ભણતર.. ન કપાતર ભૂકંપે મૂઈ ધરતી ફાટી.. ગાંમ આખું મન નખ્ખોદણી કે સ.. પણ હાચી નખ્ખોદણી તું. તીએ ચેટલાંય રાંકનાં રતન રોળી નોસ્યાં.. અખાતરીએ તો ઈનાં લગન લેવાનાં'તાં. પણ..
બબુમા વાંસો પસવારતાં, "બસ કમું બવ થ્યું હો.. આજકાલ કરતાં સાત વરહનાં વાંણાં વાયાં.. ચ્યાં હુધી હૈયું બાર્યે.."
"બબુમા મારો છૈયો આ ધરતી ઓઢીન ચોંક હૂતોસ.. પણ મારો માંહ્યલો કેસ..ક એ ધરતી ફાડી..ન આવહે.. એટલે આવહે.. જ.."
ડોસીઓએ માંહ્યમાંહ્ય ગણગણાટ કર્યો, "ઓમના..ઓમ હાત..હાત વરહ થ્યાં. ચિયા ભવે લેખ ઉપર મેખ માંડીન આવહે."
પંચાયતની કચેરીનો ચોકીદાર એકી શ્વાસે દોડતો.. આવીને બોલ્યો, "કમળાબા.. કચેરીમાં ફોન આયો સ.. કેસક.. અમદાવાદની મોટી સિવિલમાં .. હાત હાત વરહથી બેભાંન છોકરાન ભાંન આયુંસ તે આપણા ગાંમનું અન કમુંબાનું નાંમ લેસ.. લ્યો જલ્દી હેંડો.. કમુંબા.."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "વિધિના લેખ"★
★શીર્ષક : "સુલેખા"★
★શબ્દો : ૩૫૦★
★લેખક નું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

સુરેશ્વરાનંદ ભક્તો માટે ભગવાન હતા. એમના વિષે એવું કહેવાતું હતું કે તેઓ સિદ્ધ મહાત્મા છે. એમની એક નજર પણ પડી જાય તો ભવપાર તરી જવાય તથા તમામ પ્રકારના કષ્ટોમાંથી વ્યક્તિને મુક્તિ મળી જાય. એમની કૃપા મેળવવા, ભક્તો સત્સંગ, શોભાયાત્રા અને સન્માન સમારંભ યોજતા હતા.

ભીડથી બચવા તથા લોકો એમને પરેશાન ના કરે તે માટે, શહેરની બહાર એક સરસ વાટિકામાં એમનો ઉતારો હતો. ગઈકાલે એક ભાવિકજને, ઉતારે આવીને એમના કોઈ બીમાર સ્વજનને આશીર્વાદ આપવા
આભાર - નિહારીકા રવિયા વિનંતી કરેલી, ત્યારે એમણે ભાવિકજનને કહેલું કે, સત્સંગના સ્થળ પર મારી સામે એમને લાવજો હું પરમાત્માની કૃપા થાય તે માટે પ્રાર્થના કરીશ.

આજે તેઓ "વિધિના લેખ" વિષય પર અસ્ખલિત વ્યક્તવ્ય આપી રહ્યા હતા. એક કરતાં અનેક ઉદાહરણો આપી આપીને તેઓ સામે બેઠેલા ભાવિકજનોને વિધિના માર્યા શું શું ભોગવવું પડે છે? તે, તથા બનવાકાળ બનીને જ રહે છે તે વર્ણવી રહ્યા હતા. આજે ચાલુ સત્સંગ સમયે તેઓ સહેજ વિચલિત થઈ, થોડી ક્ષણો પૂરતા ચૂપ થઈ ગયા.
ગઈકાલવાળા સજ્જન સાથે, સામે સુલેખા હતી. ફિક્કી, દુર્બળ, નંખાઈ ગયેલી. એમના સ્મરણપટ પર સડસડાટ એક પછી એક એમ અસંખ્ય ચિત્રો પસાર થઈ રહ્યાં. જિદ્દી અને ગર્વિષ્ઠ સુલેખાને એમણે અત્યંત ચાહી હતી. ઘણાં સ્થળોએ તેઓ હર્યાં ફર્યાં હતાં. યુવાનીના ઉન્માદમાં, પ્રણય દરમ્યાન તેઓ તમામ સીમા વટાવવાની ભૂલ કરી ચૂક્યાં હતાં. તેઓએ સરસ સુખમય જીવનના સપનાં જોયાં હતાં. સુલેખાના અચાનક જાકારાથી હતપ્રભ થયેલા તેઓ સુલેખાને લીધે જ અધ્યાત્મના માર્ગે વળ્યા હતા.
સુલેખાએ માથું ઢાળી દીધું. તે પૂર્વેના સુરેશ અને હાલના સુરેશ્વરાનંદ સાથે નજર મેળવી શકી નહિ. કોઈ વાતે સુરેશ એને વેદિયો લાગેલો. સુરેશની લાગણીઓની એણે મજાક ઉડાવેલી. સુરેશને ના કહેવાનું કહી દીધેલું. સુરેશની સ્થિતિ પર ઉપહાસ કરેલો. કોઈ સામાન્ય વાતમાં એણે સુરેશ સાથે બોલવાનું બંધ કરી દીધું હતું. તમામ સબંધ એક ઝાટકે બંધ કરેલા. સુરેશની વિનવણી, આજીજી કે માફી વગેરેની પરવા કર્યા વિના તે અલગ થઈ ગઈ હતી. બસ એમજ મગજમાં કોઈ તુક્કો આવ્યો અને એણે સુરેશને જાકારો આપેલો. સુરેશની લાગણી, પ્રેમ દુભાવી એણે જે કરેલું, તેનો તેને કોઈ વસવસો નહોતો.

# ઈસ્ટ દિલ્હી પ્રીમિયર લીગ ૨૦૨૩ની પૂર્ણાહુતિ પર ઈનામ વિતરણ સમારોહનું આયોજન યુવાનોનું સમાજમાં કરોડરજ્જુ જેવું મહત્વનું સ્થાન છે : આચાર્ય લોકેશજી




આધ્યાત્મિક જગતનાં ચમકતા સિતારા જૈનાચાર્ય લોકેશજી ધર્મ, આધ્યાત્મિકતા, સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રમતગમત વગેરે ક્ષેત્રોમાં પ્રતિભાઓને આગળ વધારવામાં હંમેશા અગ્રેસર રહે છે. આ અંતર્ગત, "ખેલો ઈન્ડિયા" - એમ.પી રમત સ્પર્ધા અંતર્ગત પૂર્વ દિલ્હી પ્રીમિયર લીગ ૨ નાં ઈનામ વિતરણ સમારોહમાં, 'અહિંસા વિશ્વ ભારતી'નાં સ્થાપક, પૂજ્ય આચાર્ય લોકેશજી, પ્રખ્યાત ક્રિકેટર ગૌતમ ગંભીર અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ સાથે શ્રી તરુણ ચુગે ભાગ લીધો. વિજેતા ટીમોને પુરસ્કાર આપતાં આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, ''કરોડરજ્જુને શરીરમાં જે સ્થાન છે, તે જ સ્થાન સમાજમાં યુવાનોનું છે. યુવાધન ઉર્જાનો સ્ત્રોત છે, યુવા પેઢી સ્વસ્થ અને સશક્ત હોય તો દેશ અને સમાજ મજબૂત બને છે. રમતગમત દ્વારા સમાજમાં સંપ, સદભાવ, સકારાત્મકતા, પ્રેમ અને ભાઈચારો વધે છે. જ્યારે યુવા પેઢી સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રમતગમત વગેરે તમામ ક્ષેત્રોમાં વિકાસ કરે છે ત્યારે સમાજનો સર્વાંગી વિકાસ થાય છે.

ભાજપનાં મહાસચિવ તરુણ ચુગજીએ કાર્યક્રમનાં આયોજન માટે પ્રેરણા આપનાર પૂર્વ દિલ્હીનાં સાંસદ અને પ્રખ્યાત ક્રિકેટર ગૌતમ ગંભીરની પ્રશંસા કરતા કહ્યું કે, ''યુવા પેઢીની ઉર્જા સકારાત્મક દિશામાં વહેતી હોવાથી તેઓ ડ્રગ્સથી પણ દૂર રહે છે.''પૂર્વ દિલ્હી પ્રીમિયર લીગના કલ્પનાકાર અને પ્રમોટર, પૂર્વ સાંસદ ક્રિકેટર ગૌતમ ગંભીરે એવોર્ડ વિતરણ સમારોહમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા બદલ પ્રખ્યાત જૈન આચાર્ય લોકેશજી અને ભાજપનાં મહાસચિવ તરુણ ચુગજીનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે, ''સફળ વડાપ્રધાન દેશના યુવાનોને આગળ લઈ જવાની નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જ અમે આ સફળ કાર્યક્રમનું આયોજન કરી શક્યા છીએ. જો ભારત રમશે તો ભારતનો વિકાસ થશે, તેથી જ અમારી સરકારે ૨૦૧૩-૨૦૧૪ની સરખામણીમાં ૨૦૨૩-૨૦૨૪માં સ્પોર્ટ્સ બજેટમાં ૩ ગણો વધારો કર્યો છે અને ૧૦૦૦ ખેલો ઈન્ડિયા કેન્દ્રો ખોલ્યા છે જેથી પાયાના સ્તરે રમતગમતની ઈકોસિસ્ટમને મજબૂત કરી શકાય. તેમણે વિજેતા ટીમો અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમોને અભિનંદન પાઠવ્યા હતા.''

આ પ્રસંગે, 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક આદરણીય આચાર્ય લોકેશજી, ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગજી અને પૂર્વ દિલ્હીનાં સાંસદ, જાણીતા ક્રિકેટર ગૌતમ ગંભીર સહિતનાઓએ પુરસ્કારોનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમમાં એમ.સી.ડી કાઉન્સિલર (નોમિનેટેડ) મનોજ જૈન પણ હાજર હતા.

## 'મારી માટી મારો દેશ' અંતર્ગત


# કુંભણ કેન્દ્રવર્તી શાળામાં શીતલબેન ભટ્ટી દ્વારા બાળકોને માટીનાં રમકડાં શીખવવા વર્કશોપનું આયોજન થયું



'શિક્ષણની સંભાવના અનેક' વાક્યને ચરિતાર્થ કરવા મહુવા તાલુકાના ઈનોવેટિવ શિક્ષિકા શીતલબેન ભટ્ટીએ નાના બાળકોને માટીનાં રમકડાં બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. માટીમાં રમવાથી નાના બાળકોના આંગળા મજબૂત બને છે. આંગળીઓનું જેટલું હલનચલન વધારે થાય તેટલાં સારા વળાંકવાળા અક્ષરોનું લેખન કાર્ય કરી શકાય છે. રમકડાં બનાવતી વખતે બાળમાનસ અનેક નિર્ણયો લે છે. તેથી તેની નિર્ણય શક્તિ વધે છે. મૌલિકતાનો વિકાસ થાય છે. જુદા જુદા રમકડાં જોઈને બાળકો પ્રાણી, પક્ષી કેમ મૂર્ત વસ્તુના આકારો શીખી શકે છે. તેના જ્ઞાનમાં વધારો થાય છે. બાળક શાળામાં આનંદ મેળવે છે.

# હોમ્બલે ફિલ્મ્સ સાલાર : પાર્ટ ૧ ને સેન્સર બોર્ડ તરફથી 'છ' પ્રમાણપત્ર સાથે પાસ

હોમ્બલે ફિલ્મ્સ 'સલારઃ પાર્ટ૧ સીઝફાયર એ ભારતીય સિનેમાની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. પ્રભાસ અભિનીત અને પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ચાહકો અને પ્રેક્ષકોમાં ખૂબ જ ચર્ચામાં છે અને દરેક જણ ૨૨મી ડિસેમ્બરે હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં આ એક્શનથી ભરપૂર ફિલ્મ જોવા માટે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.




હવે જ્યારે ફિલ્મ તેના ભવ્ય થિયેટરમાં રિલીઝ થવાના માત્ર દસ દિવસ દૂર છે, ત્યારે એક અપડેટમાં જાણવા મળ્યું છે કે ફિલ્મ તાજેતરમાં સેન્સર બોર્ડ (ઝમ્ભ્ઙ્મઝ) ને સબમિટ કરવામાં આવી હતી, અને સેન્સર બોર્ડે ફિલ્મને ૨ કલાક ૫૫ મિનિટના રનટાઈમ સાથે 'છ' પ્રમાણપત્ર સાથે પ્રતિબંધિત કરી છે .

ફિલ્મનું તાજેતરમાં રિલીઝ થયેલું ટ્રેલર એ વાતનો પુરાવો છે કે જ્યારે સૌથી મોટા એક્શન ડિરેક્ટર, પ્રશાંત નીલ અને સૌથી મોટા એક્શન સુપરસ્ટાર, પ્રભાસ સાથે આવે છે, ત્યારે તે એક ખાસ પ્રકારનો સિનેમેટિક અનુભવ બનાવે છે.હોમ્બલ ફિલ્મ્સ દ્વારા નિર્મિત, સલારઃ ભાગ ૧ સીઝફાયર ફિલ્મ નિર્માતા પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત છે અને તેમાં પ્રભાસ, શ્રુતિ હાસન, પૃથ્વીરાજ સુકુમારન અને જગપતિ બાબુ છે. આ ફિલ્મ ૨૨ ડિસેમ્બરે સિનેમાઘરોમાં આવશે.

# બારીપાડા એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ વિજ્ઞાન મોડલની કૃતિ ઝોન કક્ષાએ પસંદગી પામી

ડાંગ જિલ્લાનું ૪૮ મુ વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩-૨૪ નું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વઘઈ ખાતે યોજવામાં આવ્યું હતું .જેમાં ડાંગ જિલ્લા ની કુલ ૮૫ કૃતિઓએ પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ભાગ લીધો હતો જે અંતર્ગત માધ્યમિક વિભાગમાં અલગ અલગ પાંચ કૃતિઓ પસંદ પામી હતી જેમાં વિભાગ એક( સ્વાસ્થ્યમાં) બારીપાડા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ બારીપાડા ની જીન થેરાપી- ધી નેક્સ્ટ જનરેશન થેરાપીકૃતિ ઝોન કક્ષા માટે પસંદગી હતી.



જનીન થેરાપી એ આધુનિક ટેકનોલોજી છે જે આવનાર પેઢી માટે આશીર્વાદરૂપ દવા બની શકે છે મનુષ્યમાં કેટલાક રોગો એવા હોય છે જે વારસામાં ઉતરે છે જે પેઢી દર પેઢી તેના સંતાનોમાં સ્થાનાંતરિત થતા રહે છે જેવા કેશિકલ સેલ હેમોફીલિયા રંગ અંધતા થેલેસેમિયા વગેરેવઘઈ ખાતે યોજાયેલ આ ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩-૨૦૨૪ માં બારીપાડા એકલવ્ય મોડેલ રેસીડેન્સ સ્કૂલના વિદ્યાર્થીઓ કૃતિબેન રુસ્તમભાઈ ગામીત તેમજ મનીષભાઈ કુંવરસિંહભાઈ ભાગ લીધો હતો તેમજ સ્કૂલના શિક્ષક છાયાબેન. એ. ઠાકરે દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યો હતો તેમજ બારીપાડા એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલની કૃતિ ઝોન કક્ષાએ પસંદ પામતા શાળાના આચાર્ય પંકજભાઈ ગાવીત તેમજ ઉપ આચાર્ય હેમંત ભાઈ પટેલ દ્વારા વિજ્ઞાન મોડેલ કૃતી ના વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા તેમજ શાળા પરિવારના શિક્ષકોમાં ખુશી છવાઈ હતી

# ચાણસ્મા શહેરની અંદર મતદાન જાગૃતિ રેલી નું આયોજન કરવામા આવ્યું

ચાણસ્મા શહેરની અંદર આવેલ બજાર વિસ્તારમાં તેમજ સોસાયટીમાં પ્રાથમિક શાળા ના વિધાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ લાવવા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં શાળા ના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ડે.મામલતદાર જોડાયા હતા પાટણ જીલ્લા ના ચાણસ્મા શહેરની અંદર મતદાન જાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં તાલુકા શિક્ષણ અધિકારી પાબુવંસી,ડે.મામલતદાર તેમજ શાળા ના બાળકો, શિક્ષકો જોડાઈને મતદાન જાગૃતિ માટે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા



નિખિલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ

# અંબાજી ખાતે પાર્ટીના કન્વીનર ઇન્દ્રનીલ રાજયગુરૂ પહોચ્યાં પુરષોત્તમ રૂપાલા અને ભાજપ પર પ્રહારો કર્યા, જ્યાં સુધી ભાજપની સરકાર ન જાય ત્યાં સુધી વાળ નહી કપાવું અને માથે ચોટલી રાખીશ

કોંગ્રેસ ૨૦૨૪ પહેલા હાથ સે હાથ જોડો ના સહારે, અંબાજી ખાતે પાર્ટીના કન્વીનર ઇન્દ્રનીલ રાજયગુરૂ પહોચ્યાં, પુરષોત્તમ રૂપાલા અને ભાજપ પર પ્રહારો કર્યા, જ્યાં સુધી ભાજપ ની સરકાર ન જાય ત્યાં સુધી વાળ નહી કપાવું અને માથે ચોટલી રાખીશ ગુજરાતમાં કોંગ્રેસ અને દેશમાં કોંગ્રેસ પાર્ટી માટે હાલમાં એક પડકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે, ત્યારે તાજેતરમાં યોજાયેલી પાંચ ચૂંટણીમાં કોંગ્રેસે ચાર રાજ્યમાં હારનો સામનો કરવો પડ્યો છે તો તાજેતરમાં કોંગ્રેસના નેતાના ઘરેથી મળેલા કરોડો રૂપિયાના કારણે કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ છે, હાલમાં ગુજરાત કોંગ્રેસ પ્રજાની વચ્ચે જવા માટે અને પોતાના સંગઠનને મજબૂત કરવા માટે હાથ સે હાથ જોડો સંગઠન ઊભું કર્યું છે, જેના પગલે તેઓ ગુજરાતના ગામ, તાલુકા,જિલ્લા અને શહેર સુધી સંગઠનને અલગ રીતે ઊભું કરીને નવા પ્રાણ પૂરી રહ્યું અંબાજી પહોંચેલા હાથ સે હાથ જોડોના કન્વીનર ઇન્દ્રનીલ રાજયગુરૂ નું બનાસકાંઠા અને અંબાજી કોંગ્રેસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ .ઇન્દ્રનીલ રાજયગુરુએ કોંગ્રેસના કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજાને એક ભ્રષ્ટ સરકારમાથી મુક્ત કરવા માટે માતાજી સમજણ આપે, એક મૂર્ખ બનાવવાની પ્રક્રિયાએ ભાજપની



આવડત થઈ ગઈ છે ,તો આની સામે અમે કોંગ્રેસ સમિતી દ્વારા હાથ થી હાથ જોડો સમિતિઓ ગામે ગામ સુધી લઈ જઈ રહ્યાં છીએ

હાથ સે હાથ જોડના કન્વીનર ઇન્દ્રનીલ રાજગુરુ એ જણાવ્યું હતું કે ૨૦૨૪ ની ચૂંટણી પહેલા કોંગ્રેસ દ્વારા હાથ સે હાથ જોડોનું સંગઠન મજબૂત કરવાનુ કામ પાર્ટી દ્વારા ચાલી રહ્યું છે. જેમાં ગામે ગામ થી જીલ્લાઓ સુધી અમને ખૂબ સાથ સહકાર મળી રહયો છે,નવા લોકો જોડાઇ રહ્યાં છે,૨૦૨૪ મા કોંગ્રેસને મજબૂત કરવાનો અને એક નવાજ લોહી સાથે નવુ સંગઠન બનાવવાથી નવુ જોમ પણ આવશે. વધુમાં ૨૦૨૪ અને ૨૦૨૭ મા કૉંગ્રેસ ની તમામ સમિતિઓ ભેગી થઈને ચુંટણી લડશે. કેન્દ્રીય કૃષિ મંત્રી પુરુષોત્તમ રૂપાલા પર ઇન્દ્રનીલ રાજ્યગુરુએ પ્રહાર કર્યા અને કહ્યુ કે રૂપાલાજી તમારી સરકાર છે તો પાપના રૂપિયા હોય તો ગોતી કાઢો. હાલમાં ગુજરાતમાં મુખ્યમંત્રી ના મુખ્યમંત્રી થઈ ગયાં છે. એક રિટાયર્ડ આઈએએસ ઓફિસર. તો ગુજરાતમાં પૂલ તૂટે, તંત્ર ભ્રષ્ટાચાર કરે, પોલીસ ભ્રષ્ટાચાર કરે અને આ બધુ મળી ૩૦ થી ૪૦ ટકાનુ ભ્રષ્ટાચાર થાય છે. ઇન્દ્રનીલ રાજય દ્વગુરુ હાલ માથાના વાળ કપાવતા નથી અને માથે ચોટલી રાખી છે તે મામલે કહ્યું કે ભાજપ સરકાર લોકોના પરસેવાના રૂપિયાનો દૂર ઊપયોગ કરે છે, જાહેરાતોથી પ્રભાવિત કરી લોકોના પૈસાથી લોકોને પ્રભાવીત કરી બાકી ના પૈસાનો ભ્રષ્ટાચાર કરવાનો તે સરકાર ન જાય ત્યાં સુધી હું માથે ચોટલી બાંધીને રાખવાનો છુ..

# વિદ્યારાજ વિદ્યાપીઠ સંકુલના પ્રાંગણમાં ભવ્ય પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયો

તારીખ ૧૧/૧૨/૨૦૨૩ ને સોમવારે વિદ્યારાજ વિદ્યાપીઠ સંકુલ ના પ્રાંગણમાં પ્રોજેક્ટ પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૬ થી ૧૨ ના આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ કુલ ૭૫ જેટલા પ્રોજેક્ટ તૈયાર કરી પોતાના કૌશલ્યને પ્રદર્શિત કર્યા હતા. આ પ્રોજેક્ટ પ્રદર્શનના મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરથી પ્રાધ્યાપક શ્રી કે. એસ. પરમાર સાહેબ, સત્ કેવલ મંદિરના મહંત શ્રી જનકદાસજી સ્વામી , ચિલોડા મોટી હાઈસ્કુલ ના આચાર્યશ્રી માકાણી સાહેબ, સિહોલી મોટી હાઈસ્કુલના આચાર્યશ્રી સી. એસ. ઠાકોર સાહેબ તથા શ્રી રસિકભાઈ ચાવડા સાહેબ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમની શોભા વધારી હતી. પ્રોજેક્ટ પ્રદર્શનના અંતે વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રોજેક્ટ પ્રદર્શનનું આયોજન પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી અજીતસિંહ વાઘેલા સાહેબ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યશ્રી ભરતભાઈ ચૌહાણ સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ પ્રદર્શનની સફળતા બદલ સંસ્થા ના પ્રમુખ શ્રી ડૉ. કુલદીપસિંહ સિસોદિયા સાહેબે અને શાળા ના કેમ્પસ ડાયરેક્ટર શ્રી મહેશભાઈ પ્રજાપતિ સાહેબે સૌને અભિનંદન પાઠવ્યા.



# સ્માર્ટ સિટી અમદાવાદમાં ઐતિહાસિક ગાંધી આશ્રમ રી-ડેવલોપમેન્ટની કામગીરી શરૂ

અમદાવાદ,તા.૧૧

આમદવાદમાં ગાંધી આશ્રમ રી ડેવલોપમેન્ટ કામગીરી માટે ૧.૫ કિમી નવા રોડનું કામકાજ પુર જોશમાં ચાલી રહ્યું છે. આ ડેવલોપમેન્ટ માટે રાણીપ બસ સ્ટેન્ડની સામેની બાજુ અને આરટીઓની બાજુમાં રસ્તો બનાવવાની ગટર લાઈન માટેની કામગીરી શરૂ કરાઇ છે. સંભવત આગામી ૧૫ ડિસેમ્બર કે ત્યારબાદ બાદ વાડજ થી ગાંધી આશ્રમ થઈ અને સુભાષ બ્રિજ જતો આશરે ૭૫૦ મીટરનો રસ્તો બંધ કરવામાં આવશે. આ રસ્તો બંધ કરવા માટે તેનો વૈકલ્પિક રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રસ્તો ચંદ્ર ભગા પુલ બાદ શરૂ થશે અને રાણીપ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે પૂરો થશે. આ વૈકલ્પિક રૂટની કામગીરી ખૂબ ઝડપભેર થઈ રહી છે. આમાં શહેરના વાડજ વિસ્તારના ઝુપડપટ્ટી વિસ્તારને અને ગાંધી આશ્રમના રી ડેવલોપમેન્ટની કામગીરી શરૂ થતા આ રસ્તો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવશે. લોકોને અવાર- જવર કરવામાં તકલીફ



ન પડે તે માટે આશરે ૧૮ મીટર પહોળા આ રસ્તાનું ઘણું ખરું કામકાજ પૂર્ણ થઈ ગયું છે. સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી શરૂ થઈ છે અને બાજુમાં ગટર લાઈનનું કામકાજ ચાલી રહ્યું છે. આ રસ્તામાં ફૂટપાટનું મોટા ભાગનું કામ પૂરું થઈ ગયું છે રસ્તા વચ્ચે ડિવાઈડરનું કામ પણ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. સાથે સાથે ડિવાઈડરની વચ્ચે ફુલછોડ પણ વાવવામાં આવ્યા છે. આ રસ્તાની ખાસિયત એ છે કે રાણીપ એસટી સ્ટેન્ડ પાસે આ રસ્તો ખુલતા પ્રજાજનોને રાણીપ એસટી સ્ટેન્ડ રાણી બીઆરટીએસ બસ સ્ટેશન અને રાણીપ મેટ્રો સ્ટેશન એકસાથે લાભ મળશે. ગાંધી આશ્રમનું રી ડેવલોપમેન્ટ આશરે ૧૨૦૦ કરોડ રૂપિયામાં કરાશે. જેના માટે આ રસ્તો બંધ કરવામાં આવશે અને તેનો વૈકલ્પિક રૂટ ચાલુ રાખવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.